લિબર્ટી કેરિઅર એકેડમી દ્વારા આયોજિત ઓલ ગુજરાત

# નાયબ સેક્શન અધિકારી (DY. SO.) પ્રિલિમિનરી પરીક્ષા માટે

## મોક ટેસ્ટ 2023 ડેમો પેપર SOLUTION

**1. (C)**

(1) કલ્હણ દ્વારા રચિત 'રાજતરંગિણી' ગ્રંથમાં કાશ્મીરના ઈતિહાસ સંબંધિત માહિતી આપવામાં આવી છે, જેમાંથી પ્રાચીન ભારત સંબંધિત પર આધારભૂત માહિતી મળી રહે છે.

(2) વર્ષ 1784માં 'રોયલ એશિયાટિક ઓફ સોસાયટી ઓફ બંગાળ' નામે સંસ્થાની સ્થાપના સર વિલિયમ જોન્સ દ્વારા કરવામાં આવી હતી.

(3) કવિ કાલિદાસ દ્વારા રચિત 'અભિજ્ઞાન શાકુંતલમ', પ્રથમ ભારતીય ગ્રંથ હતો, જેનું સૌપ્રથમ અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં આવ્યું હતું.

**2. (B)** ચીની યાત્રાળુઓને ભારતમાં આવ્યાનો સાચો ક્રમ

ફાહિયાન → સંયુગન → હ્યુ-એન-ત્સાંગ → ઈત્સિંગ

તેઓ ગુપ્તરાજા ચંદ્રગુપ્ત બીજાના દરબારમાં આવ્યા હતા અને તેમણે 'ફો-ક્વો-કી' નામે ગ્રંથની રચના કરી હતી.

તેઓ વર્ધનરાજા હર્ષવર્ધનના દરબારમાં આવ્યા હતા. અને તેમણે 'સી-યુ-કી' નામે ગ્રંથની રચના કરી હતી.

– હ્યુ-એન-ત્સાંગ અને ઈત્સિંગે ગુજરાતની પણ મુલાકાત લીધી હતી.

**3. (A)** મધ્ય પાષાણકાળથી મનુષ્યએ વલ્કલ (ઘાસ, પાન, છાલ વગેરે)નાં કપડાં પહેરવાની શરૂઆત કરી.

– પુરાતન પાષણકાળથી જ મનુષ્યએ ચિત્રો દોરવાની શરૂઆત કરી, આ કાળનાં ચિત્રો ભીમબેટકા (મધ્ય પ્રદેશ) ગુફામાંથી મળી આવ્યાં હતાં.

– હૂંફાળું/ગરમ વાતાવરણ બનવાની શરૂઆત થાય છે.

– નૂતન પાષાણકાળથી જ મનુષ્યના ભટકતા જીવનનો અંત આવ્યો અને સ્થાયી જીવનની શરૂઆત થઈ.

**4. (D)**

– કુલ વિસ્તાર : 12,99,600 ચો.કિમી
– આકાર : ત્રિકોણાકાર
– સૌથી ઉત્તરે આવેલું સ્થળ : માંડા (જમ્મુ-કાશ્મીર)
– સૌથી દક્ષિણે આવેલું સ્થળ : હૈમાબાદ (મહારાષ્ટ્ર)
– સૌથી પૂર્વે આવેલું સ્થળ : આલમગીર પુર (ઉત્તર પ્રદેશ)
– સૌથી પશ્ચિમે આવેલું સ્થળ : સૂત્કાગેન્ડોર (પાકિસ્તાન)

**5. (B)** દયાનંદ સરસ્વતીના મત મુજબ આર્યો 'તિબેટ'માંથી આવ્યા હતા, જ્યારે લોકમાન્ય તિલકના મત મુજબ આર્યો 'ઉત્તર ધ્રુવ'માંથી આવ્યા હતા.

– ઉત્તર વૈદિક કાળમાં ગાર્ગી અને મૈત્રી જેવી વિદુષી સ્ત્રીઓ થઈ ગઈ.

– ગૌ(ગાય) શબ્દમાંથી અનેક શબ્દોનો ઉદ્ભવ થયો છે, જેમ કે....

- ધનવાન વ્યક્તિને 'ગોમત' કહેવાતો.
- પુત્રીને 'દુહિતા' (ગાયોનું દૂધ દોહવે છે તે) કહેવામાં આવતી.
- યુદ્ધ માટે 'ગવેષણા' શબ્દનો ઉપયોગ થતો.

**6. (C)** બૌદ્ધ સંઘમાં 15 વર્ષથી નીચેની ઉંમરના, માતા-પિતાની અનુમતી ન હોય તેવા તથા દાસ, સિપાહી, ઋણી, અપરાધી અને રોગીને પ્રવેશ અપાતો નહીં.

ત્રીજી બૌદ્ધ સંગિતીમાં ભાગલા રદ થયા અને અભિધમ્મ પિટકની રચના પણ થઈ.

ચોથી બૌદ્ધ સંગિતીમાં હિનયાન અને મહાયાન એમ બે ફાંટા પડ્યા.

**7. (A)** પાર્શ્વનાર્થ સ્વામી જૈન ધર્મના 23માં તીર્થંકર હતા.

– તેઓ કાશીના ઈશ્વાકુ વંશના રાજા અશ્વસેનના પુત્ર હતા.

– તેમણે ચાર અણુવ્રત(સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ) આપ્યાં, જ્યારે પાંચમો અણુવ્રત (બ્રહ્મચર્ય) મહાવીર સ્વામીએ આપ્યો.

– પાર્શ્વનાથ સ્વામીનું લાંછન (પ્રતીક) સર્પ હતું.

ગુજરાતમાં સૌપ્રથમ વાર !!!

તમામ મોક ટેસ્ટ Descriptive Answerkey સહિત

# Dy.SO

# PRELIM EXAM

# 131

## મેગા ટેસ્ટ સિરીઝ

- 5 MOCK TEST
- 117 UNIT TEST
- 9 વિષયવાર ટેસ્ટ

| | | |
|---|---|---|
| ONLINE | ~~₹900~~ | ₹450 |
| @Home | ~~₹1400~~ | ₹700 |
| OFFLINE | ~~₹1200~~ | ₹600 |

## TIME TABLE

| | |
|---|---|
| MT-1 | 23 Sept. (Saturday) |
| MT-2 | 24 Sept. (Sunday) |
| MT-3 | 30 Sept. (Saturday) |
| MT-4 | 1 Oct. (Sunday) |
| MT-5 | 1 Oct. (Sunday) |

## મોક ટેસ્ટની વિશેષતાઓ

- 5100 MIMP પ્રશ્નો
- 100 MCQs ગુજરાત, ભારતનું બજેટ+આર્થિક સર્વેક્ષણ
- GPSC-UPSC પાસ એક્સપર્ટ ફેકલ્ટીઝ દ્વારા તૈયાર કરેલ મોકટેસ્ટ પેપર્સ
- GPSCના વર્તમાન ટ્રેન્ડ અને વધતા જતા સ્તર મુજબ પેપર્સ
- OMR પદ્ધતિ મુજબ Computerised Checking
- ઓલ-ગુજરાત Ranking • Subjectwise Result
- True, False, Not-Attemptedના આંકડા સાથે

તમામ પેકેજમાં યુનિટ ટેસ્ટ , કરન્ટ અફેર્સ ટેસ્ટ, GCERT ટેસ્ટ, વિષયવાર ટેસ્ટ ઓનલાઈન રહેશે.

SPECIAL OFFER (till 30 Sept.)

50% OFF

LIBERTY CAREER ACADEMY

EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE™

**Call - 9898856777 / 8128381283**

Liberty House, Opp. Sales India, Incometax.

GET IT ON Google Play | Liberty Career Academy App

Download on the App Store | My Institute APP | Org.Code: fycwu

**8.** **(D)** ગ્રાન્ટ ટ્રન્કરોડ વિશે
- તામ્રલિપિ (પ.બંગાળ) થઈને તક્ષશિલા અને તક્ષશિલાથી લઈને મધ્ય એશિયા સુધી.
- ઉપરાંત, ગંગાના મેદાનથી ગાંધાર સુધી આ રોડ વિસ્તરેલો હતો.
- શેરશાહ સૂરીએ રોડનું પુનઃનિર્માણ કરાવ્યું હતું.
- જ્યારે ડેલહાઉસીએ કોલકતાથી પેશાવર સુધી આ રોડનું પુનઃનિર્માણ કરાવ્યું હતું.
- સાંથાલ પ્રથા : જૈન ધર્મ સંબંધિત એક પ્રાચીન પ્રથા છે, જેમાં જીવનના અંતિમ સમયમાં જૈનધર્મ પાળનાર સાધું અન્ન-જળનો ત્યાગ કરે છે અને છેલ્લે તે મૃત્યુ પામે છે.
- ચંદ્રગુપ્ત મૌર્યે પોતાના જીવનના અંતિમ વર્ષો શ્રાવણબેલગોડા (કર્ણાટક) ખાતે પસાર કર્યા હતા અને અહીં જ તેમણે સાંથાલ પ્રથાને અપનાવી હતી.
- ઈ.સ. પૂર્વે 261માં અશોકે કલિંગ (ઓડિશા) પર આક્રમણ કર્યું હતું. અને તે જીત્યો હતો. તે સમયે કલિંગનો રાજા જયંત હતો.
- વાયુ પુરાણમાં બિંદુસારને 'ભદ્રસાર' કહેવામાં આવ્યો છે.
- જ્યારે ગ્રીક લેખકો તેને 'અમિક્ષઘાતક' ના નામથી ઓળખે છે.

**9.** **(A)** દીવાન એ અર્જ : પશ્ચિમી સીમાના રક્ષણ માટે તેની શરૂઆત કરવામાં આવી હતી.
- દીવાન-એ-વક્ફ : વહીવટી કાગળોની દેખરેખ માટે આ વિભાગની શરૂઆત કરવામાં આવી હતી.
- દીવાન-એ-કોહી : ખેતીના વિકાસ માટે આ વિભાગની શરૂઆત કરવામાં આવી હતી.
- દીવાન – એ- ખૈરાત : મુસ્લિમ સ્ત્રીઓના રક્ષણ માટે આ વિભાગની શરૂઆત કરવામાં આવી હતી.

**10.** **(B)**

**11.** **(A)** ચિરંજીવી (સાત) : હનુમાનજી, વિભીષણ, વેદવ્યાસ, અશ્વત્થામા, પરશુરામ, બલિરાજા, કૃપાચાર્ય
- અવતાર (દસ) : મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બૌદ્ધ, કલ્કી
- ગુણ (ત્રણ) : સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ
- સંસ્કાર (સોળ) : ગર્ભાધાન, પુંસવન, સીમંત, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાસન, ચૂડાકરણ, કર્ણવેધ, વિદ્યારંભ, ઉપનયન, વેદારંભ, સમાવર્તન, વિવાહ, ગૃહસ્થ, અગ્નિસંસ્કાર

**12.** (C) સ્તૂપની ઉપરનો ભાગે ત્રણ છત્ર જોવા મળે છે, જેને 'ત્રિછત્ર' કહેવામાં આવે છે.
- ત્રિછત્ર નીચેના ચોરસ બોક્સને 'હર્મિકા' કહેવામાં આવે છે.
- સ્તૂપનાં પ્રવેશદ્વારને 'તોરણ' કહેવામાં આવે છે.

**13.** (B) અજન્તાની ગુફાઓ :
- મહારાષ્ટ્રના ઓરંગાબાદ ખાતે વઘોરા નદીકિનારે તે આવેલી છે.
- 29 ગુફાઓમાંથી 24 ગુફાઓ મહાયાન પંથ અને 5 ગુફાઓ હિનયાન પંથ સાથે સંકળાયેલી છે.
- ફ્રેસ્કો પદ્ધતિ : ભીંજાયેલા પ્લાસ્ટર પર ચિત્રો બનાવ્યાં.
- આ ગુફાઓને લગભગ ઈ.સ. પૂર્વે 250 થી ઈ.સ. 600ની વચ્ચે વિકસિત કરવામાં આવી હતી.

**14.** (C) મથુરા શૈલી
- આ શૈલીનો વિકાસ પહેલી અને ત્રીજી સદી વચ્ચેના સમય ગાળામાં યમુના નદીકિનારે મથુરામાં થયો.
- આ શૈલીને કુષાણોનું સંરક્ષણ પ્રાપ્ત થયું.
- આ શૈલીમાં તત્કાલીન ત્રણ ધર્મો, બૌદ્ધ, હિંદુ અને જૈનથી સંબંધિત મૂર્તિઓ બનાવવામાં આવતી હતી.
- આ શૈલીની મૂર્તિઓમાં પ્રતીકોને પ્રભાવશાળી રીતે દર્શાવવામાં આવ્યા છે.

**15.** (D) દ્રવિડ શૈલી
- ચોલ શાસકોના સંરક્ષણમાં મંદિર સ્થાપત્યકળાની આ શૈલીનો વિકાસ થયો.
- આ શૈલીને દક્ષિણ ભારતમાં મંદિરનિર્માણનો એક નવો યુગ માનવામાં આવે છે.
- મંદિરોની સામે ઊંચાં પ્રવેશદ્વાર હોય છે, જેને 'ગોપુરમ્' કહેવામાં આવે છે.
- મંદિરોમાં પિરામિડ આકારનાં શિખરો જોવા મળે છે. શિખરોને 'બિગન' કહેવામાં આવતા.
- મંદિર પરિસરમાં એક જળાશયની ઉપસ્થિતિ આ શૈલીની અદ્વિતીય વિશેષતા હતી.

**16.** (A)
- મુઘલકાલીન ચિત્રકળામાં ઈશ્વરના ચિત્ર બનાવવાની જગ્યાએ શાસકવર્ગનું મહિમાગાન અને તેમનું શાહી જીવન દર્શાવવા પર વધુ ભાર આપવામાં આવ્યો હતો.
- મુઘલકાલીન ચિત્રો આખેટ (શિકાર), ઐતિહાસિક ઘટનાઓ અને દરબારથી સંબંધિત ચિત્રો પર કેન્દ્રિત હતા.

**17.** (B)

**18.** (C) મણિપુરી નૃત્યમાં નાગબંધ મુદ્રા મહત્ત્વની મુદ્રા ગણાય છે.
- કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે 'છઉં' સહિત કુલ 9 નૃત્યોને શાસ્ત્રીય નૃત્યના સંદર્ભમાં માન્યતા આપી છે.

**19.** **(B)**

**20.** (A) કલ્યાણ મંડપ/વિવાહ મંડપ વિજયનગર સામ્રાજ્યનાં મંદિરોની એક પ્રમુખ વિશેષતા હતી.
- ઉદા. હમ્પીમાં વિઠ્ઠલસ્વામી મંદિર પરિસરમાં આવેલ કલ્યાણમંડપ

**21.** (C) શરૂઆતમાં અનંત ઘનતા અને અનંત તાપમાન ધરાવતાં દડામાંથી વિસ્ફોટ થતાં પૃથ્વીનો ઉદ્ભવ થયો, જે બિગ બેંગ તરીકે ઓળખાય છે. જેનું વિસ્તરણ આજે પણ ચાલુ છે. વિધાન (A) સાચું છે.

બિગબેંગની ઘટના પછી તાપમાન ઘટવાને કારણે અણુઓની રચના થઈ અને બ્રહ્માંડ પારદર્શક બન્યું તેથી કારણ ખોટું છે.

**22.** (D) દિવસ અને રાત્રીની લંબાઈમાં ફેરફારના કારણે ઋતુઓમાં પરિવર્તન આવે છે.
- જે લાંબા ગાળાના ફેરફારો છે.
- કુલ ગાળાના ફેરફારો ધરીભ્રમણને કારણે થાય, જેમ કે દિવસ, રાત્રી
- લાંબા ગાળાના ફેરફારો પરિભ્રમણને કારણે થાય, જેમ કે ઋતુ પરિવર્તન

LIBERTY'S

**23.** (D) ભૂમિના કારણે રૂપરેખામાં, નદીના વહેણમાં ફેરફાર થઈ શકે છે. સુનામી પણ ભૂકંપને કારણે

– હીમનદીમાં ફેરફાર પણ ભૂકંપના કારણે –રસ્તો બદલે (સિંધુ અલ્લાહબંધ)

– ભૂ-સ્ખલન માટે પણ ભૂકંપ જવાબદાર બની શકે છે.

**24.** (D) ધ્રુવપ્રદેશ પર સૂર્યનાં કિરણો ત્રાંસાં પડે છે.

– દિવસ-રાત્રીનું ચક્ર પૂરું થતાં આખું વર્ષ લાગે છે.

– જ્યારે વિષુવવૃત્ત ઉષ્ણકટિબંધીય પ્રદેશ પર સૂર્યકિરણો સીધા પડે છે. માટે આ સમય ગાળો ઓછો છે.

ઉદા. નોર્વેમાં છ મહિના રાત્રિ છ મહિના દિવસ

**25.** (D) મુંબઈ પશ્ચિમ ઘાટની વાતાભિમુખ બાજુએ આવેલું છે, જ્યારે પુના પશ્ચિમ ઘાટની વાતાવિમુખ બાજુએ આવેલું છે.

– અરબ સાગરમાંથી આવતી મોસમી પવનોની સૌપ્રથમ કિનારાના પ્રદેશોમાં પશ્ચિમ ઘાટની ઊંચાઈના કારણે ભેજ ઠાલવે છે, જેથી વાદળો વાતાવિમુખ બાજુએ જતાં ભેજ રહેતો નથી, તેથી મુંબઈમાં વધારે વરસાદ પુનામાં ઓછો વરસાદ એ ભૂપૃષ્ઠ-પશ્ચિમઘાટને કારણે પડે છે. જેને ભૂપૃષ્ઠનો વરસાદ કહે છે.

**26.** (A) જ્યાંથી ભૂકંપ આવે – કેન્દ્ર

જેટલા વિસ્તારમાં તેની અસર થાય એટલે કે નજીકનું બિંદુ એપીસેન્ટર એ પૃથ્વીના કેન્દ્રથી નજીક હોય છે. નિર્ગમનકેન્દ્ર જેથી ત્યાં સૌપ્રથમ ભૂકંપ અનુભવાય છે, પછી નિર્ગમનકેન્દ્ર પાસે જાય છે.

**27.** (B) ટોમ્બોલો એક દરિયામાં જોવા મળતી વિશેષતા છે, જે બે રેતીના પટ્ટાને જોડે છે.

જ્યારે સ્વિમ, સેક અને બગશ્રુન્ડ એ હિમનદી દ્વારા રચાય છે.

**28.** (D) ઠંડો વ્રાતાગ – ગરમ વાયુ સમુચ્ચ અચાનક ઉપર ચડે

જેથી અચાનક મોટું વાદળ

થોડા સમય માટે મુશળધાર વરસાદ

ગરમવ્રાતાગ : ગરમવાયુ સમુચ્ચ ધીમે-ધીમે ઉપર ચડે

: વાદળો ઘણાં બને

: લાંબા સમય માટે ધીરો-ધીરો વરસાદ

**29.** (D) એકપણ નહીં.

નારકોન્ડમ જ્વાળામુખી – સુષુપ્ત જ્વાળામુખી છે, જે અંદામાન પર છે.


– ઈટલીનો એટના જ્વાળામુખી સક્રિય છે, જેમાંથી લાવા સતત બહાર આવે છે.

**30.** (B) સમુદ્રનું ભૂપૃષ્ઠ – સૌપ્રથમ – ખંડીય છાજલી

– ઢોળાવ

– મેદાન

– ખીણ




**31.** (C) આ એક્ટ દ્વારા પહેલી વાર કંપનીના વહીવટી અને રાજકીય કાર્યોને માન્યતા મળી.

– કંપનીના કર્મચારીઓને ભેટ, સોગાદ સ્વીકારવાની મનાઈ કરવામાં આવી.

– મદ્રાસ અને બોમ્બેના ગવર્નર બંગાળના ગવર્નર જનરલને આધીન થઈ ગયા, જે પહેલા એકબીજાથી અલગ હતા.

– આ બધી જ જોગવાઈ નિયમન ધારો (Regulating Act 1773)ની છે.

**32.** (C) વિધાન એક ખોટું છે. તેઓએ કરેલાં કાર્ય માટે તેઓ ભારતની સુપ્રીમ કોર્ટને જવાબદાર રહેશે નહીં.

– વિધાન 2ની જોગવાઈ પીટ્સ ઈન્ડિયા એક્ટ, 1784ની છે ન કે સુધારક અધિનિયમ 1781

**33.** (B) 1, 2, 4 પ્રારૂપ સમિતિના સભ્ય હતા.

– એચ.વી.આર. આયંગર બંધારણસભાના સચિવ હતા.

– અન્ય સભ્યો B.R. આંબેડકર

– એન. ગોપાલસ્વામી આયંગર

– એન. માધવરાય (બી.એલ. મીત્તરના સ્થાને)

– ટી.ટી. કૃષ્ણમાચારી (ડી.પી. ખેતાનની જગ્યાએ)

**34.** (A) ફક્ત વિધાન 1 સાચું છે.

– પ્રારૂપ સર બી.એન.રાવે તૈયાર કર્યું હતું.

– આમુખની ભાષાનો સ્ત્રોત અમેરિકાના બંધારણમાંથી લેવામાં આવ્યો નથી. તે ઓસ્ટ્રેલિયાના બંધારણમાંથી લેવામાં આવ્યો છે.

**35.** (B) બહુમતી અસરકારકની જગ્યાએ સાદી બહુમતી આવશે.

– રાજ્યના વિધાનમંડળની ભલામણ સ્વીકારવા સંસદ બંધાયેલી નથી. આ સંદર્ભ સંસદની સર્વોપરિતા છે.

**36.** **(C)** ધર આયોગ – જૂન 1948

J.V.P. સમિતિ – ડિસે., 1946

ફઝલઅલી આયોગ – ડિસે., 1953

**37.** (D) વિવરણ : નાગરિક્તા અધિનિયમ, 1955 મુજબ 5 પ્રકારે નાગરિક્તાની પ્રાપ્ત અને ત્રણ પ્રકારે નાગરિક્તા છીનવાઈ શકે.

– 5 આધાર ઉપર મુજબ છે.

– 3 નાગરિક્તાની સમાપ્તિ : સ્વયંત્યાગ (By Renunciatly)

: કાયદાની પ્રક્રિયા દ્વારા (By reminal)

: કાયદાની પ્રક્રિયા દ્વારા બરખાસ્તગી દ્વારા (By Termination)

**38.** (D) (1), (2) અને (3)

– અનુચ્છેદ 15, 16, 19, 29 અને 30ના અધિકારો ફક્ત ભારતીય નાગરિકોને પ્રાપ્ત છે.

– આ સિવાયના અન્ય અધિકારો ભારતીય તથા વિદેશી નાગરિકોને પણ પ્રાપ્ત છે.

LIBERTY'S


Dy.SO
(વર્ગ-3)
પ્રિલિમિનરી પરીક્ષા માટે સૌથી અગત્યના
મુદ્દાઓનો પરીક્ષાલક્ષી અભ્યાસ
25th to 4th Sept.
અમદાવાદમાં
8 DAYS
WORKSHOP
OFFLINE : ₹2500
ONLINE : ₹1500
GPSC/UPSC પાસ એક્સપર્ટ ફેકલ્ટી ટીમ
વિજ્ઞાન ટેક.
Narendra Sir
બંધારણ
Yash Sir
ભૂગોળ
Nevil Sir
રીઝનીંગ
Brij Sir
ઈતિહાસ
Balram Sir
સાં. વારસો
Meet Sir
ઈકોનોમી
Bhavish Sir
કરંટ અફેર્સ
Yash Sir
08
વિષયોની તૈયારી
06
કલાકના લેક્ચર (દરરોજ)
131
મેગા ટેસ્ટ સિરીઝ
FREE
5 મોક ટેસ્ટ
117 UNIT TEST
9 વિષયવાર ટેસ્ટ
LIBERTY
CAREER ACADEMY
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE
Call - 9898856777 | 8128381283
Liberty House, Opp. Sales India, Incometax, Ahmedabad.
LibertyCareerAcademy | LCAOfficial | www.libertygroup.in

39. (D) (19(1) (ક) A) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય ઉપર નિમ્નલિખિત નિયંત્રણ લગાવવામાં આવ્યાં છે.
(1) ભારતની એકતા અને સાર્વભૌમત્વ
(2) રાજ્યની સુરક્ષા
(3) વિદેશી સાથેના મૈત્રી સંબંધો
(4) જાહેર વ્યવસ્થા
(5) શિસ્તતા અને નૈતિકતા
(6) અદાલતનો તિરસ્કાર
(7) બદનક્ષી
(8) ગુનાની ઉશ્કેરણી

40. (C) બંનેમાંથી કોઈ પણ કેસમાં સ્વીકારવામાં આવ્યું નથી, કે અંગતતા (Privacy) મૂળભૂત/મૌલિક અધિકાર છે.

41. (D) P-નોટ્સ એ નાણાકીય સાધન છે, કે જે વિદેશી રોકાણકારોને સેબી જોડે નોંધાયા વગર ભારતીય શેરબજારમાં રોકાણ કરવાની પરવાનગી આપે છે. આ વિદેશી ડેરીવેટિવ રોકાણ ગ્રૂપ (ODIs)ના સભ્યો પોતાના દેશ બહાર રોકાણ કરવામાં મદદ કરે છે.
– આ ODIsએ ભારતીય શેરબજારના સ્ટોકને પોતાના નામ હેઠળ રાખે છે.
– P-નોટ્સ એ વિદેશી ઈન્સ્ટિટ્યૂશનલ રોકાણ (FIIs)માં વધુ લોકપ્રિય છે, કે જેના દ્વારા તેઓ લાંબી નોંધણી પ્રક્રિયાથી બચીને શેરબજારમાં ભાગ લઈ શકે છે. આની મદદથી સેબીના નિયમો અને અધિનિયમોથી બચીને ભારતમાં રોકાણ કરી શકે છે.

42. (A) ગ્રાહક ભાવ સૂચકાંક એ આધારવર્ષના સંદર્ભમાં આપેલ વિસ્તારમાં નિર્ધારિત વસ્તી જૂથ દ્વારા વપરાશમાં લેવાતાં છૂટક ભાવ અને સેવાઓના ફેરફારનું માપ છે. ઉપભોક્તા દ્વારા આપેલા સ્તરે તેમની આવક, ભાવ અને જરૂરિયાતને પહોંચી વળીને તેમની જીવન જરૂરિયાતને પ્રતિનિધિ કરતી વસ્તુઓ અને સેવાઓનું જૂથ છે.

43. (D) આ વિચલન માટે નીચે મુજબનાં પરિબળો જવાબદાર છે. બેઝ અસરને કારણે શક્યતાઓમાં તફાવત અને વસ્તુઓને 2 સૂચકાંક દ્વારા આવરી લેવા, વસ્તુઓના વજનમાં ફેરફાર

44. (D) આર્થિક વૃદ્ધિ એક ઉદ્દેશી છે, જ્યારે આર્થિક વિકાસ બહુ ઉદ્દેશી છે.
– વૃદ્ધિ એ રાષ્ટ્રીય કે વ્યક્તિગત આવકના માત્રાત્મક પરિવર્તનને બતાવે છે, જ્યારે વિકાસ એ રાષ્ટ્રીય આવકની સંરચના અને વિતરણના માધ્યમને બતાવે છે.
– આર્થિક વૃદ્ધિ સતત નથી, જ્યારે વિકાસ એ નિરંતર સ્થિત અને સુનિયોજિત પરિવર્તન બતાવે છે.
– વિકસિત દેશો દ્વારા આર્થિક વૃદ્ધિ પર ધ્યાન અપાય છે, જ્યારે વિકાસશીલ દેશો દ્વારા આર્થિક વિકાસ પર ધ્યાન અપાય છે.
– આર્થિક વિકાસ માટે વૃદ્ધિ એ પૂર્વગામી અપેક્ષા છે.

45. (A) RBIએ સંયુક્ત-CPIને પોલિસીદર માટે ચાવીરૂપ ગણ્યો છે.

46. (C)

47. (C) ઉજ્જવલા 2.0 હેઠળની શરતો
– આવેદનકર્તા (ફક્ત સ્ત્રી) 18 વર્ષની ઉંમર જરૂરી છે.
– એક જ ઘર પર બીજા કોઈ LPG કનેક્શન ન હોવું જોઈએ.
– આમાં, PM દ્વારા સ્થળાંતરિત લોકોને મુખ્ય પડતી તકલીફમાં સમાધાન સ્વરૂપ તેમના સ્વ-પ્રમાણપત્રને તેમના રહેઠાણના પુરાવા તરીકે માન્યતા આપી છે.

48. (C) કુલ 11 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો અત્યારે કેરોસીન મુક્ત થયેલ છે, જ્યારે બાકીનાં રાજ્યોમાં જાહેર વિતરણ-વ્યવસ્થા હેઠળ બજાર ભાવે (સબસિડી વગર) કેરોસીન અપાય છે, જેને મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ દ્વારા પૂરું પડાય છે.

49. (D) અન્નફુગાવો એ Jan-17 અને Dec-18માં નકારાત્મક રહ્યો હતો.
– Jan-16 થી Jan-19 સુધી કોર ફુગાવો એ હેડલાઈન ફુગાવાથી વધુ રહ્યો છે.

50. (C) સરકાર વાજબી ભાવે દવા ઉપબલ્ધ રહે તેને સુનિશ્ચિત કરવા ભાવને નિયંત્રિત કરે છે.
– ઘણાં પગલાં ડ્રગ્સ અને દવા પોષાય તેવા ભાવે ઉપલબ્ધતા માટે લેવાયાં છે.

51. **(C)** કોંકણ શ્રૃંખલાનો અભ્યાસ 2004માં ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે રક્ષા ભાગીદારીને મજબૂત કરવા માટે શરૂ કરવામાં આવ્યું. સમયે-સમયે સમુદ્ર અને બંદરો ઉપર અભ્યાસ કરવા તથા આંતર સંચલીનચતાને બનાવી રાખવા માટે તે મંચ પ્રદાન કરે છે.

52. **(C)** DRDO દ્વારા 11 જાન્યુઆરી, 2022ના રોજ Man Portable Antitank guided Missileનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું, જે ઓછા વજનવાળી Fire & forget મિસાઈલ છે.

53. **(D)** SANT મિસાઈલને DRDO પ્રયોગશાળાના સમન્વયમાં અનુસંધાન કેન્દ્ર ઈમારત (RCI) હૈદરાબાદ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે. તેની રેન્જ 10 km છે.

54. **(B)** ચંદ્રયાન કાર્યક્રમ ઓક્ટોબર 2008માં ISRO દ્વારા શરૂ કરવામાં આવેલું ભારતનું પ્રથમ ચંદ્રમિશન છે. જેનો ઉદ્દેશ્ય ચંદ્ર ઉપરનો ડેટા પ્રાપ્ત કરવાનો છે.

55. **(A)** VSSC વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરનું મુખ્ય કાર્ય લોંચિંગ વ્હિકલની ડિઝાઈન અને વિકાસના ક્ષેત્રમાં કાર્ય કરવાનું છે.

56. **(D)** લોજિક બોમ્બ એ સોફ્ટવેર સિસ્ટમમાં ઈરાદાપૂર્વક દાખલ કરાયેલા કોડનો એક ભાગ છે, જે નિર્દિષ્ટ શરતો પૂરી થાય ત્યારે દૂષિત કાર્યને બંધ કરશે. ઉદા. તરીકે પ્રોગ્રામર કોડનો એક ભાગ છુપાવી શકે છે, જે ફાઈલો (જેમ કે પગાર, ડેટાબેઝ ટ્રિગર) કાઢી નાખવાનું શરૂ કરે છે.

57. **(A)** બ્લૂટૂથ એ ટૂંકા અંતર પર વાયરલેસ સંચાર માટે પ્રોટોકોલ છે. તે 1990ના દાયકામાં કેબલની સંખ્યા ઘટાડવા માટે વિકસાવવામાં આવી હતી. મોબાઈલ ફોન, લેપટોપ, પીસી, પ્રિન્ટર, ડિજિટલ કેમેરા એકબીજા સાથે જોડાઈ શકે છે.

LIBERTY'S

**58.** **(A)** Simple Mail transfer Protocol સંચાર માર્ગદર્શિકાનો સમૂહ છે, જે સોફ્ટવેરને ઈન્ટરનેટ ઉપર ઈલેક્ટ્રોનિક મેઈલ ટ્રાન્સમિટ કરવાની મંજૂરી આપે છે.

**59.** **(B)** જે સ્રોતો નાશ પામ્યા પછી પુનઃપ્રાપ્ત કરી શક્તા નથી, તેને બિન-નવીનીકરણીય સંસાધનો કહેવામાં આવે છે. તે મર્યાદિત માત્રામાં છે.

કુદરતીગેસ મર્યાદિત છે.
યુરેનિયમ મર્યાદિત છે.
ફોસ્ફેટ મર્યાદિત છે.

**60.** **(D)** આંકડામુજબ જળવિદ્યુત વૈશ્વિક ઊર્જા સંસાધનોના લગભગ 16.6% ઉત્પન્ન કરે છે અને તમામ નવીનીકરણ વીજળીના લગભગ 70%નું નિર્માણ કરે છે.

**61.** **(C)** ધારો કે પુત્રની ઉંમર $x$ વર્ષ છે.


તેથી પિતાની ઉંમર $3x$ વર્ષ થાય.

પ્રશ્નમુજબ $(3x + 12) = 2(x + 12)$

$\therefore x = 12$ વર્ષ

આથી પિતાની ઉંમર $3x = 36$ વર્ષ થાય.

**62.** **(D)**




વર્ગ A, B, Cમાં વિદ્યાર્થીઓનો ગુણોત્તર = 3 : 4 : 5

× × ×

A, B, Cનો સરેરાશ સ્કોર 83 76 85

249 + 304 + 425 = 978

વર્ગ A, B અને Cની સરેરાશ = 978 ÷ (3 + 4 + 5) = 978 ÷ 12 = 81.5

**63.** **(C)** $10^2 + 11^2 = 100 + 121 = 221$માં 4 ઉમેરવાથી 225 (= $15^2$) થાય.

**64.** **(C)** 32, 36, 48 અને 54 વડે ભાગી શકાય એવી સંખ્યા તે સંખ્યાઓનો લસાઅ થાય.

$32 = 2^5$, $36 = 3^2 \times 2^2$, $48 = 2^4 \times 3^1$ અને $54 = 3^3 \times 2^1$

$\therefore$ લસાઅ $= 2^5 \times 3^3 = 32 \times 27 = 864$

આથી અપેક્ષિત સંખ્યા = 10000 – 864 = 9136

**65.** **(A)** ધારો કે Aને $x$ ગુણ અને B ને $y$ ગુણ મળ્યા છે.

અહીં $x - y = 9$

$x = (x + y)$ના 56%

100% $x$ = 56% of $x$ + 56% of $y$

$x$ના 44% = $y$ના 56%

$\frac{x}{y} = \frac{56}{44} = \frac{14}{11} = \frac{42}{33}$

અહીં $\frac{14}{11}$ માં ગુણોત્તરનો તફાવત 3 છે. વાસ્તવિક તફાવત 9 (= 3 × 3) છે.

આથી $x = 14 \times 3 = 42$ અને $y = 11 \times 3 = 33$ થાય.

**66.** **(D)** ચક્રવૃદ્ધિ વ્યાજે 5% વ્યાજ દર અને 2 વર્ષના અંતે 10.25% (સીધો વ્યાજદર થશે)

એટલે કે ₹ 10.25 વ્યાજ મળે ત્યારે મુદ્દલ ₹ 100

તેથી જો ₹ 246 વ્યાજ મળે ત્યારે મુદ્દલ (?)

$\frac{100 \times 246}{10.25}$ = ₹ 2400

SI = $\frac{2400 \times 6 \times 3}{100}$ = ₹ 432

**67.** **(B)** ધારો કે Aની પડતર ₹ 100 છે.

તેથી તે Bને ₹110માં વેચે છે. (અહીં Aને ₹ 10 નફો થયો) ...... (i)

હવે B, Aને 110 – 11 = ₹ 99માં વેચે છે.

(અહીં Aને ₹ 1 નફો થયો) ...... (ii)

(i) અને (ii) ઉપરથી Aને 11% નફો થશે.

**68.** **(D)** A + B + C 6 કલાકમાં સંપૂર્ણ ટાંકી ભરી શકે.

તેથી તેઓ 2 કલાકમાં $\frac{1}{3}$ ટાંકી ભરી શકે.

હવે બાકીનો $\left(1 - \frac{1}{3} = \right)\frac{2}{3}$ ભાગ A અને B 7 કલાકમાં ભરે છે.

$\frac{2}{3}$ ભાગ માટે 7 કલાક

તો 1 ટાંકી માટે (?) કલાક

$7 \times \frac{3}{2} = 10.5$ કલાક

A + B + C → 6 કલાક – 1 ટાંકી     42 કલાકમાં – 7 ટાંકી ભરે છે.

A + B → 10.5 કલાક – 1 ટાંકી     42 કલાકમાં – 4 ટાંકી ભરે છે.

ઉપરોક્ત 7 ટાંકીમાંથી A + B એ 4 ટાંકી ભરી હોય તો Cએ 42 કલાકમાં (7 – 4 =) 3 ટાંકી ભરી હશે.

આથી Cને એક ટાંકી ભરવા માટે 42 ÷ 3 = 14 કલાક લાગશે.

આથી Cને અડધી ટાંકી ભરવા માટે 7 કલાક લાગશે.

**69.** **(C)** અહીં પરિણમિત ઝડપ = 56 – 29 = 27 કિમી/કલાક

3600 સેકન્ડમાં 27000 મીટરનું અંતર કાંપે

તો 16 સેકન્ડમાં (?) મીટરનું અંતર કાંપે

$\frac{27000 \times 16}{3600}$ = 120 મીટર

**70.** **(C)** અહીં 3 વિદ્યાર્થીઓએ એક કરતાં વધુ વિષયોમાં મહત્તમ ગુણ મેળવ્યા છે.

– મોનિકાએ જીવ અને રસાયણમાં મહત્તમ ગુણ મેળવ્યા છે.
– સ્વરૂપે મરાઠી અને SSમાં મહત્તમ ગુણ મેળવ્યા છે.
– આકાશે ગણિત અને Engમાં મહત્તમ ગુણ મેળવ્યા છે.

**71.** **(A)** મોનિકાએ રસાયણમાં $\frac{86}{100} \times 150 = 129$ ગુણ મેળવ્યા છે.

વિક્રમે રસાયણમાં $\frac{72}{100} \times 150 = 108$ ગુણ મેળવ્યા છે.

129 બરાબર 100%

તો 108 બરાબર (?)

$\frac{100 \times 108}{129}$ = 83.72%

**72.** **(B)** 1 થી 30 સુધીની અવિભાજ્ય સંખ્યાઓ

2, 3, 5, 7, 11, 13, 17, 19, 23 અને 29 છે.

(P) = $\frac{\text{અપેક્ષિત ઘટનાઓ}}{\text{કુલ ઘટનાઓ}} = \frac{10}{30} = \frac{1}{3}$

LIBERTY'S

**73.** **(B)** અહીં $T_n = 200$, $a = 5$, $d = 5$

$\therefore a + (n - 1) d = 200$

$\therefore 5 + (n - 1) 5 = 200$

$\therefore 1 + (n - 1) = 40$

$\therefore n = 40$

શ્રેણીનાં પદોની સંખ્યા 40 છે.

**74.** **(B)**

**75.** **(C)** કોડ ટેબલ પ્રમાણે

28 ફેબ્રુઆરી, 1834

= 28 + 3 + 2 + 34 + 8

= 0 + 3 + 2 + 6 + 1

= 5 = શુક્રવાર

**76.** **(B)**

**77.** **(A)**

**78.** **(D)**

**79.** **(B)**

**80.** **(A)**

| | | |
|---|---|---|
| A | વિદ્યાર્થી | |
| B | વકીલ | પુરુષ |
| C | શિક્ષક | સ્ત્રી |
| D | વિદ્યાર્થી | |
| E | ડોક્ટર | પુરુષ |

**81.** **(D)**

**82.** **(C)**

**83.** **(B)**

**84.** **(B)** $\theta = \left|30H - \frac{11}{2}M\right|$

$= \left|30(4) - \frac{11}{2}(45)\right|$

$= \left|120 - \frac{495}{2}\right|$

$= |120 - 247.5| = 127.5°$

**85.** **(A)** અવિભાજ્ય સંખ્યાઓ

2 × 3 = 6, 3 × 5 = 15, 5 × 7 = 35, 7 × 11 = 77, 11 × 13 = 143, 13 × 17 = 221

**86.** (C) GigaMesh એસ્ટ્રોમ દ્વારા વિકસાવવામાં આવી છે.

- તે એક નેટવર્ક સોલ્યુશન છે, જે વાયરલેસ રીતે ફાઈબર જેવી બેકહોલ ક્ષમતા પ્રદાન કરશે અને 5G માટે માર્ગ મોકળો કરશે.
- તે ગ્રામીણ 4G ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભીડના પડકારોને સંબોધશે અને હાઇ-ટેક અને સસ્તું ઇન્ટરનેટ કનેક્ટિવિટી પ્રદાન કરશે.
- તે વિશ્વનો પ્રથમ મલ્ટિ-બીમ ઇ-બેન્ડ રેડિયો છે, જે એક જ ટાવરથી બહુવિધ ટાવર સુધી એકસાથે સંચાર કરવા સક્ષમ છે, જ્યારે આ દરેક ટાવરને મલ્ટિ Gbps થ્રુપુટ પહોંચાડે છે.
- એક GigaMesh ઉપકરણ 2+ Gbps ક્ષમતા સાથે 40 લિંક્સ પ્રદાન કરી શકે છે, જે દસ કિલોમિટરની રેન્જ સુધી વાતચીત કરી શકે છે.

**87.** (C) I2U2 એ ભારત, ઇઝરાયેલ, સંયુક્ત આરબ અમીરાત અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા દ્વારા રચાયેલું જૂથ છે. તેને 'વેસ્ટ એશિયન ક્વાડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

I2U2 ની રચના ઓક્ટોબર 2021માં દરિયાઈ સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહન સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે અબ્રાહમ એકોર્ડ પછી કરવામાં આવી હતી.

અબ્રાહમ એકોર્ડ છેલ્લાં 26 વર્ષમાં ઇઝરાયેલ અને આરબ દેશો વચ્ચેનો પ્રથમ શાંતિ કરાર છે.

તેનો ઉલ્લેખિત ઉદ્દેશ્ય "પરસ્પર હિતનાં સામાન્ય ક્ષેત્રોમાં અને બહાર વેપાર અને રોકાણમાં આર્થિક ભાગીદારીને મજબૂત કરવા" પર ચર્ચા કરવાનો છે.

**88.** (B) ઈન્ડો-પેસિફિક ઇકોનોમિક ફ્રેમવર્ક (IPEF) એ US-ની આગેવાની હેઠળની પહેલ છે.

જેનો ઉદ્દેશ્ય હિંદ-પેસિફિક ક્ષેત્રમાં સ્થિતિસ્થાપકતા, સ્થિરતા, સમાવેશિતા, આર્થિક વૃદ્ધિ, નિષ્પક્ષતા અને સ્પર્ધાત્મકતા વધારવા માટે સહભાગી દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

IPEF વિશ્વના જીડીપીના 40%નું પ્રતિનિધિત્વ કરતાં ડઝન પ્રારંભિક ભાગીદારો સાથે શરૂ કરવામાં આવ્યું હતું.

અમેરિકાની આગેવાની હેઠળની આ પહેલનો ભારત પણ એક ભાગ છે.

**89.** (C) તાજેતરમાં આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) એ 'યૂથ ઇન ઇન્ડિયા 2022' રિપોર્ટ જાહેર કર્યો છે.

- આ સૂચવે છે કે, યુવાનોની વસ્તી ઘટી રહી છે, જ્યારે 2021-2036 દરમિયાન વૃદ્ધોનો હિસ્સો વધવાની ધારણા છે.
- યુવાનોની વસ્તીમાં ઘટાડો: 2011-2036ના સમય ગાળાની શરૂઆતમાં યુવાનોની વસ્તીમાં વધારો થયો છે, પરંતુ બાદમાં તેમાં ઘટાડો થવા લાગ્યો છે.
- સમગ્ર રાજ્યોમાં દૃશ્ય: કેરળ, તામિલનાડુ અને હિમાચલ પ્રદેશ જેવાં રાજ્યોમાં વર્ષ 2036 સુધીમાં યુવાનો કરતાં વૃદ્ધોની વસ્તી વધુ હોવાનો અંદાજ છે.
- મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની સાથે, આ બે રાજ્યોમાં દેશના અડધાથી વધુ (52%) યુવાનો છે.

**90.** (C) ઓસ્ટ્રેલિયન સત્તાવાળાઓએ વારોઆ જીવાત નામના સંભવિત વિનાશક પરોપજીવી પ્લેગને કાબૂમાં લેવાના પ્રયાસમાં છેલ્લાં બે અઠવાડિયામાં લાખો મધમાખીઓને મારી નાખી છે.

- તેના પરોપજીવી જંતુ મધમાખીઓને ચેપ લગાડે છે અને ખાય છે, જેને ઘણીવાર વારોઆ વિનાશક તરીકે ઓળખવામાં આવે છે.
- લાલ-ભૂરા રંગના આ નાના જંતુઓ મધમાખીઓની સમગ્ર વસાહતોનો નાશ કરવામાં સક્ષમ છે.
- જો કે, વરોઆ જીવાત પુખ્ત મધમાખીઓ પર ખાઈ શકે છે અને જીવી શકે છે. તેઓ મુખ્યત્વે લાર્વા અને પ્યુપાને ખવડાવે છે અને પ્રજનન કરે છે, જેનાથી વિકૃતિ અને નબળાઇ તેમજ વાઈરસનું સંક્રમણ થાય છે.
- તેને વારંવાર વારોઆ ડિસ્ટ્રક્ટર તરીકે ઓળખવામાં આવે છે.

**91.** (D) તાજેતરમાં જ ભારતીય નૌકાદળે પૂર્વીય નૌકા કમાન્ડમાં નવી ભારતીય નૌકાદળ એર સ્ક્વોડ્રન 324 કમિશન કરી છે.

– તેનું નામ 'KESTRELS' છે, જેનો અર્થ છે - શિકારનું પક્ષી
– તેની પાસે સારી સંવેદના ક્ષમતાઓ છે, જે એરક્રાફ્ટ અને એર સ્ક્વોડ્રનની હેતુપૂર્ણ ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે.
– આ એકમ પૂર્વીય સીબોર્ડની પ્રથમ નૌકાદળ સ્ક્વોડ્રન છે, જે સ્વદેશી રીતે ડિઝાઇન અને ઉત્પાદિત એડવાન્સ લાઇટ હેલિકોપ્ટર (ALH) Mk III (MR) હેલિકોપ્ટરનો ઉપયોગ કરે છે.
– ALH MK III હેલિકોપ્ટર આધુનિક સર્વેલન્સ રડાર અને ઇલેક્ટ્રો-ઓપ્ટિકલ સેન્સર સહિત અત્યાધુનિક સાધનોથી સજ્જ છે.

**92.** (A) નીતિ આયોગ અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) દ્વારા તાજેતરમાં બધાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ટેક હોમ રેશન-ગુડ પ્રેક્ટિસ શીર્ષક હેઠળનો એક અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.

– WFP એ વિશ્વની સૌથી મોટી માનવતાવાદી સંસ્થા છે.
– તેને વર્ષ 2020માં નોબલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
– તેની સ્થાપના વર્ષ 1961માં ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશન (FAO) અને યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) દ્વારા કરવામાં આવી હતી.
– જેનું મુખ્ય મથક રોમ, ઇટાલીમાં છે.
– તે યુનાઇટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગ્રૂપ (UNSDG) નું સભ્ય પણ છે, જે યુનાઇટેડ નેશન્સ એજન્સીઓ અને સંસ્થાઓનું ગઠબંધન છે, જેનો ઉદ્દેશ ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs)ને પૂરો કરવાનો છે.

**93.** (A) બ્લૂ ડોટ ઇનિશિએટિવ એ વૈશ્વિક માળખાકીય વિકાસ માટે ઉચ્ચ ગુણવત્તા, વિશ્વસનીય ધોરણોને પ્રોત્સાહન આપવા માટે સરકારો, ખાનગી ક્ષેત્ર અને નાગરિક સમાજને એકસાથે લાવવા માટે, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે યુ.એસ.ની આગેવાની હેઠળની મલ્ટિ-સ્ટેકહોલ્ડર પહેલ છે.

– આ પહેલ ઈન્ડો-પૈસિફિક ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરીને રસ્તાઓ, બંદરો અને પુલો માટે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત મૂલ્યાંકન અને પ્રમાણપત્ર સિસ્ટમ તરીકે સેવા આપે તેવી અપેક્ષા છે.
– ચીનના બેલ્ટ એન્ડ રોડ ઇનિશિએટિવ (BRI) સાથે સીધી સ્પર્ધા તરીકે તેનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે, BRI ની જેમ, BDN પ્રોજેક્ટ્સ માટે જાહેર ભંડોળ અથવા લોન ઓફર કરશે નહીં.
– BDN મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત મંજૂરકર્તા તરીકે સેવા આપશે.

**94.** (D) સ્વનિધિ (SVANidhi) યોજના 50 લાખથી વધુ સ્ટ્રીટ વેન્ડર્સને લાભાન્વિત કરવા માટે શરૂ કરવા માટે શરૂ કરી હતી.

– આસપાસના લોકો આ યોજના માટે વિશેષરૂપથી નાના દુકાનદારો માટે તૈયાર છે.
– આ યોજના કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ મંત્રાલય (MoHUA) દ્વારા શરૂ કરવામાં આવી હતી.

**95.** (D) GIIની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રની વિશિષ્ટ એજન્સી વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (WIPO) દ્વારા કરવામાં આવી છે.

– રેન્કિંગમાં સુધારો કરતી વખતે, ભારત વર્ષ 2015માં 81મા સ્થાનેથી વર્ષ 2021માં 46માં સ્થાને પહોંચી ગયું છે, જે ભારતનું વધુ સારું પ્રદર્શન દર્શાવે છે.
– ભારતે 2021માં ઇનોવેશન ઇનપુટ કરતાં ઇનોવેશન આઉટપુટમાં સારું પ્રદર્શન કર્યું છે.
– ભારત 34 નીચી મધ્યમ આવક જૂથની અર્થવ્યવસ્થાઓમાં બીજા ક્રમે છે.
– મધ્ય અને દક્ષિણ એશિયાની 10 અર્થવ્યવસ્થાઓમાં ભારત પ્રથમ ક્રમે છે.

**96.** (C) કૃષ્ણદેવ રાય વિશે.

– તેમનો સમય તેલુગુ સાહિત્યનો સુવર્ણકાળ ગણાય છે.
– તેમણે તેલુગુમાં 'આ મુક્ત માલ્યદ'નામે ગ્રંથની રચના કરી હતી.

**97.** (D)

| વર્ષ | સ્થળ/અધિવેશન | અધ્યક્ષ | કાર્ય/ઘટના |
|---|---|---|---|
| 1896 | કોલકાતા | રહીમતુલ્લા સયાની | પ્રથમ વાર વંદે માતરમ્ ગવાયું |
| 1908 | મદ્રાસ | ડો. રાસબિહારી બોઝ | કોંગ્રેસના બંધારણનું નિર્માણ થયું. |
| 1923 | દિલ્હી (વિશેષ અધિવેશન) | અબુલ કલામ આઝાદ | સૌથી યુવા અધ્યક્ષ |
| 1926 | ગુવાહાટી | એસ.શ્રીનિવાસ આયંગર | બધા જ સભ્યો માટે ખાદીનું વસ્ત્ર અનિવાર્ય |

**98.** (C)

કાકોરી ષડયંત્ર :

– 9 ઓગસ્ટ, 1925ના રોજ 10 ક્રાંતિકારીઓને સહારનપુરની લખનૌ જતી ટ્રેનમાંનો સરકારી ખજાનો 'કાકોરી સ્ટેશન' પર લૂંટવા માટે જે ષડયંત્ર ઘડ્યું તેને 'કાકોરી ષડયંત્ર કહેવાય છે'
– સરકારી ખજાનો લૂંટવાનો વિચાર રામપ્રસાદ બિસ્મીલનો હતો.
– આ ષડયંત્રમાં રામપ્રસાદ બિસ્મીલ, રોશનસિંહ, રાજેન્દ્ર લાહિડી અને અશફાક ઉલ્લાખાંને ફાંસી આપવામાં આવી.

● જૈક્સ હત્યાકાંડ :

– આર્થર મેસન ટિપેટ જેક્સન બ્રિટિશ ભારતમાં એક વહીવટી અધિકારી હતા.
– જ્યારે તેઓ એક મેજિસ્ટ્રેટના રૂપમાં નાસિકમાં કામ કરી રહ્યા હતા, ત્યારે નાસિકના જ વિજયાનંદ થિયેટરમાં એક યુવક અનંત કાન્હેરેએ ગોળી મારીને તેની હત્યા કરી.

**99.** (A)

LIBERTY'S

**100.** (D) ખેડાનું યુદ્ધ :
- શિવાજી બીજો સગીર વયનો હોવાથી રાજારામનાં પત્ની તારાબાઈ શાસન સંભાળતાં હતાં.
- બીજુ બાજુ મુગલરાજા બહાદુરશાહ પ્રથમે ગાદી પર આવતાં જ શાહુ અને યશુબાઈને મુક્ત કર્યાં.
- પરિણામે, ગાદી માટે શાહુ અને તારાબાઈ વચ્ચે જે યુદ્ધ થયું તેને 'ખેડાનું યુદ્ધ' કહેવાય છે.
- આ યુદ્ધમાં તારાબાઈ હારતાં તે કોલ્હાપુરને પોતાની રાજધાની બનાવી ત્યાં શાસન કરે છે અને શાહુ સતારાની ગાદી પર આવે છે.
- આમ, આ યુદ્ધ બાદ મરાઠા સામ્રાજ્યના બે ભાગ પડે છે.
- ● મરાઠા સંઘ :
- બાજીરાવ પ્રથમે મરાઠા સંઘોનું નિર્માણ કર્યું હતું, જે મુજબ
- ભોંસલે – નાગપુર, પેશ્વા – પુણે, સીંધિયા – ગ્વાલિયર હોલ્કર – ઈન્દોર, ગાયકવાડ – વડોદરા

**101.** (B) શર્યાતવંશના શાસન દરમિયાન ગુજરાતની પ્રથમ રાજધાની કુશસ્થળી બને છે.
- મૌર્યકાળથી લઈને ગુપ્તકાળ સુધી ગુજરાતની રાજધાની ગિરિનગર રહે છે.
- મૈત્રક કાળમાં ગુજરાતની રાજધાની વલભી બને છે.
- જ્યારે ચાવડા વંશથી લઈને સોલંકી કાળ સુધી ગુજરાતની રાજધાની પાટણ રહે છે.

**102.** (C)

**103.** (A) ચાલુક્ય શાખાના રાજા અવનિજ્યાશ્રયના નવસારીમાંથી મળી આવેલા તામ્રપત્રમાં ચાવડા વંશનો સૌપ્રથમ ઉલ્લેખ 'ચાપોટક' નામથી મળે છે.

**104.** (C) કુમારપાળે ઈડર ખાતે આવેલા રૂડી રાણીના માળિયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

**105.** (D) પાટણની ગાદી પર આવનાર સૌથી પહેલો વાઘેલા રાજવી વિસલદેવ વાઘેલા હતો. જેણે સોલંકી વંશના છેલ્લા રાજવી ત્રિભુવનપાળની હત્યા કરીને પાટણની ગાદી પર આવ્યો હતો.
- હિજરી સંવતનો સૌપ્રથમ ઉલ્લેખ વાઘેલા રાજા અર્જુનદેવના વેરાવળ શિલાલેખમાંથી મળે છે.

**106.** (A)
- અપરાધી કે વંઠેલો કુટુંબીજન જો સુધરી જાય તો તેને ફરીથી કુટુંબમાં પાછો લાવવા માટેનો દસ્તાવેજ 'ઉજ્જવલા રક્ષિત' કહેવાતો.
- જ્યારે સોલંકી / વાઘેલા કાળ દરમિયાન લગ્ન વિચ્છેદ (છૂટાછેડા) સંબંધિત 'દ્રૌકન પત્ર' નામે દસ્તાવેજ કરવામાં આવતો.

**107.** (B)

**108.** (C)

**109.** (C) સૌરાષ્ટ્ર રાજ્ય
- સ્થાપના : 15 ફેબ્રુઆરી, 1948
- પ્રથમ મુખ્યમંત્રી : ઉચ્છંગરાય ઢેબર
- બીજા મુખ્યમંત્રી : રસિકલાલ પરીખ
- રાજધાની : રાજકોટ

દક્ષિણ ગુજરાતમાં હળપતિઓના પ્રશ્નોના નિરાકરણ માટે 'જુગતરામભાઈ' એ રાનીપરજ સેવાશ્રમની સ્થાપના કરી હતી.

**110.** (D) વર્ષ 1955માં ફઝલઅલી પંચે આપેલા રિપોર્ટના વિરોધમાં મોરારજી દેસાઈએ 'મહેમદાવાદ' ખાતે એક સભાનું આયોજન કર્યું હતું.

**111.** (A) આ તહેવાર બૌદ્ધ ધર્મ સંબંધિત તહેવાર છે.
- જે 'વસંતઋતુમાં સફાઈ કામ'ના સંદર્ભમાં ઊજવવામાં આવે છે.
- એપ્રિલ મહિનાના મધ્યમાં આ તહેવારને ઘણા દિવસો સુધી મનાવવામાં આવે છે.
- લોકો પોતાનાં ઘરોની સફાઈ કરે છે, વસ્ત્રો ધુએ છે અને બૌદ્ધ ભિક્ષુઓ પર સુગંધિત જળ નાખીને આનંદ માણે છે.

**112.** (C) હિન્દુસ્તાની સંગીતમાં તબલાં, સારંગી, સિતાર અને સંતુર જેવાં વાદ્યોનો ઉપયોગ થાય છે.
- તે મુખ્યરૂપથી ઉત્તર ભારત પૂરતું જ મર્યાદિત છે.

**113.** (C) થિરૂવૈયારુ (તામિલનાડુ) નામના સ્થળે સંગીત સંગ્રહાલયની સ્થાપના કરવામાં આવી.
- આ સ્થળે સંત ત્યાગરાજને જન્મ થયો હતો, તેમને કર્ણાટક સંગીતની ત્રિમૂર્તિઓમાંથી એક માનવામાં આવે છે.

**114.** (B)

**115.** (A)

**116.** (C)
- કચ્છી ભરતકામની કળા મોચી જાતિએ મુઘલો પાસેથી ઉધાર લીધી છે.
- કચ્છી ભરતકામમાં આરી નામે ઓજારનો ઉપયોગ થતો હોવાથી તેને 'આરી ભરતકામ' પણ કહેવામાં આવે છે.
- કચ્છી ભરતકામનો ઉપયોગ ચણિયા, કબજા, સાડીની કિનાર તથા ચાકળા, અંદરવા અને તોરણ વગેરેમાં થાય છે.

**117.** (D)
- નકળંગના મેળા સાથે પાંડવોની દંતકથા જોડાયેલી છે.
- ભવનાથના મેળાનું આયોજન મહાવદ અગિયારસથી મહાવદ અમાસ સુધી ગિરનારની તળેટીમાં આવેલા ભવનાથ મંદિરમાં થાય છે.
- માધવપુર ઘેડના મેળાનું આયોજન ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ સુધી પોરબંદર પંથકમાં આવેલા માધવપુર ઘેડ વિસ્તારમાં થાય છે.

**118.** (C)
- સુરંદો નામે વાદ્ય ઊંટ ચરાવનારી કચ્છની જત જાતિમાં પ્રચલિત છે.
- ગુજરાતનો રાવણહથ્થો ત્રણથી ચાર તારનો અને પ્રમાણમાં નાનો હોય છે.
- જ્યારે રાજસ્થાનનો રાવણહથ્થો સાતથી દસ તારનો અને પ્રમાણમાં મોટો હોય છે.

**119.** (B) ગરબા મોટે ભાગે સ્ત્રીઓ દ્વારા જ્યારે ગરબી પુરુષો દ્વારા કરવામાં આવે છે.
- ઢોલો રાણો નૃત્ય ગોહિલવાડ પંથકની કોળી જાતિનું લોકનૃત્ય છે.
- આલેણી-હાલેણી નૃત્ય તડવી આદિવાસીઓનું લોકનૃત્ય છે.

LIBERTY

**120.** (A) રોગનચિત્રકળા વિશે
- ઈરાની મૂળની આ ચિત્રકળા લગભગ 300 વર્ષ પહેલા કચ્છમાં આવી.
- રોગન શબ્દ ફારસી ભાષા પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ 'તેલ' થાય છે.
- વર્તમાનમાં કચ્છના 'નિરોના' ગામનું નિવાસી સિંધી-મુસ્લિમ-ખત્રી પરિવાર આ કળાનું એકમાત્ર સંરક્ષણ પરિવાર છે.

**121.** (D)

**122.** (C)

**123.** (D) વનમહોત્સવની શરૂઆત વર્ષ 1950માં તત્કાલીન કેન્દ્રીય કૃષિ અને ખાદ્ય મંત્રી કનૈયાલાલ મુનશીએ કરી હતી.
- જ્યારે સાંસ્કૃતિક વનોત્સવની શરૂઆત વર્ષ 2004થી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી.

**124.** (B) નરસિંહ મહેતાની દોહિત્રી તથા શર્મિષ્ઠાની પુત્રીઓ એટલે તાના અને રીરી.
- ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2003થી મહેસાણા જિલ્લા વડનગર ખાતે તાના-રીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- વર્ષ 2010થી સંગીતક્ષેત્રે તાના-રીરી એવોર્ડ પણ આપવામાં આવે છે.

**125.** (A) સોમાલાલ શાહ
- તેમને 'રંગના રાજા' તરીકે ઓળખવામાં આવે છે.
- જનકલ્યાણ સામાયિકમાં તેમના ચિત્રો તૈયાર થતા.
- ભાવનગરની દક્ષિણામૂર્તિ લોકશાળામાં તેમણે કલાશિક્ષણ તરીકે સેવાઓ આપી છે.

**126.** (D) મોટા ભાગના પરવાળા ઉષ્ણકટિબંધમાં જોવા મળે છે.
- 50 મીટરથી ઓછી ઊંડાઈએ જોવા મળે છે.
- વિશ્વના સૌથી વધારે પરવાળામાં ઓસ્ટ્રેલિયા – 17%
  ઈન્ડોનેશિયા – 16%
  ફિલિપાઈન્સ – 9%

જ્યાં પરવાળાનો વિકાસ થાય ત્યાં જીવસૃષ્ટિ વધારે જોવા મળે છે.

**127.** (D) છોટાનાગપુરના ઉચ્ચ પ્રદેશમાં – કોલસો લોખંડ – એલ્યુમિનિયમ સૌથી વધારે માત્રામાં મળે છે.

**128.** (B) ઉત્તરથી નીચેની દિશામાં સાચો ક્રમ
સિંધુ
ઝેલમ
ચિનાબ
રાવી
બિયાસ

**129.** (B) સુતરાઉ કાપડની સૌથી વધુ મિલો : તામિલનાડુ
: તામિલનાડુમાં સંખ્યા
વધારે ઉત્પાદન ઓછું
મહારાષ્ટ્ર રાજ્યમાં 125 મિલ — પ્રમાણમાં નાની મીલો ઉત્પાદન વધારે છે.
જ્યારે ભારતમાં મોટા ભાગના યાર્ન કાપડ તામિલનાડુમાં બને છે.

**130.** (C) અહીં પડખાઉ જમીન બાગાયતી પાકને અનુકૂળ આવે છે.
કાળી જમીન કપાસ તથા મગફળીને અનુકૂળ આવે છે.
જ્યારે લાલ જમીનનો લાલ કલર લોહ ઓક્સાઈડને કારણે હોય છે.
ભારતમાં લગભગ 43% ભાગમાં કાંપની જમીન છે.

**131.** (C) વસ્તીની ઘનતા = વસ્તી/ક્ષેત્રફળ
1 ચોરસ કિમીમાં રહેલાં લોકોની સંખ્યાને વસ્તીની ઘનતા કહે છે.
વિશ્વમાં સૌથી વધારે વસ્તીઘનતા એશિયામાં છે. બંને વિધાનો સાચાં છે.

**132.** (D) સદાબહાર જંગલોને નિત્યલીલાં જંગલો કહે છે, જે વધુ વરસાદ ધરાવતાં ક્ષેત્રોમાં જોવા મળે છે.
માટે ભારતનો પશ્ચિમ ઘાટ તથા અંદામાન ક્ષેત્રમાં તે સૌથી વધારે જોવા મળે છે.

**133.** (D) આસામ
જ્યાં ગેંડાની વસ્તી વધારે જોવા મળે છે.

**134.** (D) સાલનાં વૃક્ષોમાં એપ્રિલ-મે માસમાં ફૂલો જોવા મળે છે.
- સાલનાં વૃક્ષો ભેજવાળા વિસ્તારો, એટલે કે, જ્યાં વધારે વરસાદ પડે છે ત્યાં જોવા મળે છે.
- માટે તે ભારતનાં તમામ રાજ્યોમાં જોવા મળતું નથી.
- વરસાદ વધારે સાલ વૃક્ષો વધારે

**135.** (C) મયૂરભંજ – ઓડિશા – લોખંડ મળે
ઘાલી રાજહરા – છત્તીસગઢ – લોખંડ મળે
બેલ્લારી – કર્ણાટક – લોખંડ મળે
ચાંદગીરી લોખંડ સાથે સંકળાયેલ નથી.

**136.** (C) કચ્છનો સૌથી ઊંચો ડુંગર – કાળો ડુંગર આવે છે. ઉત્તર ધારમાં આવેલો છે.
ઓસમ – રાજકોટ
આભપરા – પોરબંદર – બરડો ડુંગર
લોગડીના ડુગર – ભાવનગર

**137.** (D) દક્ષિણ ગુજરાત
દક્ષિણ ગુજરાતમાં સંખ્યાની દૃષ્ટિએ સૌથી ઓછી નદી છે, પરંતુ સૌથી વધારે જળનો જથ્થો ધરાવે છે. Ex. નર્મદા, તાપી
જ્યારે કચ્છમાં 97 નદી, બધી સૂકી છે.
સૌરાષ્ટ્રમાં 71 નદી છે.

**138.** (C) ગુજરાત ફ્લોસ્પાર, ચીનાઈ માટી, અકીક } ભારતમાં પ્રથમ સ્થાને છે.
જ્યારે ગ્રેફાઈટમાં ગુજરાતનું સ્થાન ત્રીજું છે.

**139.** (D) ગુજરાતનો સરેરાશ વરસાદ 83cm છે, તેથી ગુજરાતમાં નિત્યલીલાં જંગલો કે
અર્ધ નિત્યલીલાં જંગલો, જે વધુ વરસાદ ધરાવતાં ક્ષેત્રોમાં જોવા મળે છે. જે ગુજરાતમાં જોવા મળતા નથી.
જેથી ગુજરાતમાં માત્ર પાનખર જંગલો સૂકાં-ઝાંખરાવાળાં જંગલો જોવાં મળે છે.

**140.** (B) સુતરાઉ કાપડ – અમદાવાદ
બ્રાસઉદ્યોગ – જામનગર
ખાંડઉદ્યોગ – દક્ષિણ ગુજરાત
ઓક્સિજન ગેસ – લીંબડી



LIBERTY'S

**141.** (D) 3 મહિના

– 44 બંધારણીય સુધાર દ્વારા અટકાયત વધુમાં વધુ 2 મહિના જ રાખી શકાય. પરંતુ, આ સંદર્ભે કોઈ કાયદો હજી સુધી ઘડવામાં આવ્યો નથી.

**142.** (C) અનુચ્છેદ 26 ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય ઉપરના બંને અને બીજા અધિકારો નીચે મુજબ છે.

– ધાર્મિક કાર્યો, પૂજા-પાઠ વગેરે માટે સંસ્થાઓની સ્થાપના અને પોષણનો અધિકાર

– આ પ્રકારની સંપત્તિઓનો કાયદેસર રીતે ઉપયોગ કરવાનો અધિકાર

**143.** (D) બંદી પ્રત્યક્ષીકરણ રિટ જાહેર કે ખાનગી વ્યક્તિ વિરુદ્ધ જાહેર થઈ શકે.

**144.** (A) અનુચ્છેદ 39(A)

અનુચ્છેદ 39(D) પુરુષો અને સ્ત્રીઓ બંનેને એકસરખાં કામ માટે સમાન વેતન

અનુચ્છેદ 43(B) : સહકારી સમિતિઓને પ્રોત્સાહન

**145.** (D) વિવરણ : ઉપયુક્ત ત્રણેય બાબતનો સમાવેશ થાય છે.

– ન્યાયાલય દ્વારા તેને અસ્થિર મગજનો જાહેર કરાયો હતો.

– સંસદ દ્વારા બનાવવામાં આવેલ કોઈ નિયમ અનુસાર ગેરલાયક ઠરે.

**146.** (A) દરેક રાજનૈતિક પક્ષનો મુખ્ય દંડક હોય છે અને તે સંસદ સભ્ય હોય છે.

– અર્થાત્ વિધાન 2 ખોટું છે.

– દંડકનો ઉલ્લેખ ન તો બંધારણમાં છે ન તો સંસદના નિયમોમાં છે. આ સંસદીય પરંપરા પર આધારિત છે.

**147.** (B) સ્થગન – પીઠાસીન અધિકારી (અધ્યક્ષ/સભાપતિ)

– અનિશ્ચિત કાળ માટે સ્થગિત – પીઠાસીન અધિકારી (અધ્યક્ષ/સભાપતિ)

– સત્રાવસાન – રાષ્ટ્રપતિ

– વિસર્જન – રાષ્ટ્રપતિ

**148.** (D) એકપણ નહીં.

આ બંને સત્તા/શક્તિ ઉપર રાજ્યસભાનો અધિકાર છે.

– આ સિવાય ઉપરાષ્ટ્રપતિને હટાવવાનો ઠરાવ સૌપ્રથમ રાજ્યસભામાં જ રજૂ કરવામાં આવે છે.

**149.** (B) રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પક્ષાંતર ધારો લાગુ પડતો નથી.

– રાષ્ટ્રપતિની NOTAની જોગવાઈ નથી.

**150.** (D) મહત્તમ : 500

ન્યુનત્તમ : 60

**151.** (A) જળવિવાદ ટ્રિબ્યૂનલ્સ દ્વારા આપેલ ચુકાદો સુપ્રીમ કોર્ટને સમકક્ષ હશે.

– આ ચુકાદો કોઈ પણ ન્યાયાલયમાં પડકારી શકાશે નહીં.

**152.** (D) ફક્ત (2), (3)

● સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને માત્ર બે આધારો દ્વારા પદ પરથી હટાવી શકાય.

(1) સાબિત દૂરવ્યવહાર (Proven Misbehaviour)

(2) અસમર્થતા (Incapability)

– રાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવાનો આધાર બંધારણનું ઉલ્લંઘન લેવામાં આવે છે.

**153.** (D) (1, 2, 3, 4)

વિવરણ : રાષ્ટ્રીય કટોકટી : National Emergency : 352

– રાષ્ટ્રપતિ શાસન / રાજ્ય કટોકટી : 356

નાણાકીય કટોકટી : 360

બંધારણમાં અનુચ્છેદ 365નો આધાર લઈ

અનુચ્છેદ-356 અંતર્ગત રાષ્ટ્રપતિ રાજ્યોમાં કટોકટી જાહેર કરી શકે છે.

**154.** (A) ભારતના બંધારણે નાણાપંચના સભ્યોની લાયકાત નક્કી કરવાનો અધિકાર સંસદને આપ્યો છે.

– જે મુજબ ઉપર્યુક્ત તમામનો સમાવેશ થાય છે.

**155.** (C) એલ.એમ. સિંઘવી સમિતિ

– આ ભલામણો એલ.એમ.સિંઘવી સમિતિ દ્વારા 1986માં કરવામાં આવી.

– આ સમિતિની રચના રાજીવ ગાંધી સરકાર દ્વારા જૂન 1986માં કરવામાં આવી હતી.

**156.** (B) સારાંશ : રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશનની સ્થાપના પર્યાવરણ સંરક્ષણ એક્ટ, 1986 હેઠળ બનાવાયું છે.

– કેબિનેટ દ્વારા 2015થી 2020ના સમય ગાળા દરમિયાન નમામિ ગંગે મિશનને પરવાનગી આપી હતી.

– સ્વચ્છ ગંગા ભંડોળ, 2014માં બનાવાયું હતું, જેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય પ્રયાસ હેઠળ ગંગા નદીની સ્વચ્છતા માટે ભારતના રહેવાસીઓ, NRIs, કોર્પોરેશન અને સંસ્થા પાસેથી દાન મેળવવાનો હતો.

**157.** (C) વાતાવરણ ફેરફાર એક્શન પ્રોગ્રામને શરૂઆતમાં કેન્દ્ર સરકાર દ્વારા 2014માં શરૂ કરવામાં આવ્યો હતો. 5 વર્ષ માટે આને હવે 2025-26 સુધી લંબાવવામાં આવ્યો અને આમાં 8 પેટા પ્રકારો જોડવામાં આવ્યા.

(1) વાતાવરણ ફેરફાર માટે રાષ્ટ્રીય એક્શન યોજના

(2) વાતાવરણ ફેરફાર માટે ક્ષેત્રિય એક્શન પ્લાન

(3&4) વાતાવરણ ફેરફાર શિક્ષણ અને Action માટે રાષ્ટ્રીય ઈન્સ્ટિટ્યૂટ

(5) લાંબા ગાળાની પર્યાવરણીય અવલોકન

(6) આંતરરાષ્ટ્રીય વાટાઘાટો

(7) ક્ષમતામાં વધારો

(8) નેશનલ કાર્બોનાક્યુઓસ કાર્યક્રમ

**158.** (A) કૃષિ અને સાથી ક્ષેત્રોનો વિકાસદર 3.6 રહ્યો છે. કારણ કે, સારું વાતાવરણ, વિવિધ સરકારી પગલાં, ધિરાણ ઉપલબ્ધતા, રોકાણમાં વધારો, બજાર સેવામાં વધારો, કૃષિક્ષેત્રમાં ઔદ્યોગિક રોકાણ તથા ગુણવત્તા યુક્ત ઈનપુટના લીધે

– ભારતના કૃષિ વિકાસદર છેલ્લાં 5 વર્ષમાં

2016-17 → 6.8%

2017-18 → 6.6%

2018-19 → 2.6%

2019-20 → 4.3%

2020-21 → 3.6%

2021-22 → 3.9%

LIBERTY'S

**159.** (C) કૃષિક્ષેત્રના GVAમાં હિસ્સાના આધારે ઊતરતા ક્રમમાં જતાં
(1) પાકનો હિસ્સો સૌથી વધુ
(2) દ્વિતીય ક્રમે જીવિત પ્રાણીઓ
(3) જંગલકીય પેદાશો
(4) માછીમારી છે.

**160.** (A) કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ખાનગી રોકાણ એ GVAની તુલનામાં ખાનગી ક્ષેત્ર કરતાં ઓછું રહ્યું છે.
– જાહેર રોકાણ 2થી 3% ના દરે સ્થિર રહ્યું છે, જ્યારે ખાનગી રોકાણ એ સતત વધી રહ્યું છે.

**161.** (C)

**162.** (C)
– 2018-19થી રાષ્ટ્રીય અન્નસુરક્ષા મિશન : તેલીબિયાં ભારતનાં તમામ જિલ્લામાં શરૂ કરવામાં આવ્યું હતું.

**163.** (D)
– અત્યારના સમયે અંદાજિત 9.5% પામ ઓઈલ ભારતમાં આયાત કરવામાં આવે છે.
– ભારત સરકાર દ્વારા અપાતી ભાવની ખાતરી એ ખેડૂતોને આના ઉત્પાદન માટે પ્રેરે છે અને આર્થિક સુરક્ષા પૂરી પાડે છે. વધુમાં ખેડૂતોને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે પણ મદદ કરે છે.

**164.** (C) ભારતએ ખાંડમાં સરપ્લસ દેશ તરીકે ઊભરી આવ્યો છે. ખાંડનાં ઉત્પાદન અને ઉપભોક્તામાં પણ ભારત આગળ આવ્યો છે.
– 2010-11 બાદ ઉત્પાદન એ વપરાશ કરતાં વધી ગયું છે. (સિવાય કે વર્ષ 2016-17)

**165.** (A)
– સરકારની ભાવનીતિએ ઉત્પાદન કરનારને મહેનતાણાં જેટલો ભાવ એ રીતે આપવામાં આવે છે, કે જેથી તે ઉત્પાદન માટે વધુ રોકાણ કરવા પ્રેરાય અને તેને વાજબી ભાવ મળી રહે.

**166.** (D)
● કેન્દ્રીય બજેટ 2018-19 હેઠળ MSPને ઉત્પાદન ખર્ચ કરતાં 1.50 ગણી રાખવાની વાત કરાઈ હતી.

**167.** (C)
– આ યોજનાનો મુખ્ય હેતુ 'એક જિલ્લો, એક વસ્તુ' (One district one product) છે.
– આ યોજના હેઠળ સારી ધિરાણવ્યવસ્થા એક આર્થિક વૃદ્ધિ અને સંકલિત વિકાસ કરવાનું લક્ષ્યાંક રખાયું છે.

**168.** (C)
– ભારત વિશ્વના અંદાજિત 7.56% માછલાંનું ઉત્પાદન કરે છે, જે ભારતના GVAમાં 1.24% અને કૃષિક્ષેત્રના GVAમાં 7.28% ભાગ ધરાવે છે.
– ભારત સરકાર દ્વારા તેનાં ક્ષેત્રોને વધુ વિકસાવવા માટે ઘણાં પગલાં લેવામાં આવ્યાં છે, જેમાંથી એક KCC (ખેડૂત જમા કાર્ડ) છે.

**169.** (D)
• ઉદ્યોગક્ષેત્રના ભાગો :
(1) ખાણ અને ખનીજ
(2) વીજળી, ગેસ, પાણી પુરવઠો
(3) ઉદ્યોગો
(4) ઉત્પાદન
(5) બાંધકામ

**170.** (B)
– ભારતમાં સ્ટોક માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા પ્રોહિબિશન ઓફ ઈનસાઈડર ટ્રેડિંગ રેગ્યુલેશન કરવામાં આવે છે. આ અંતર્ગત કંપનીઓમાં તેના કર્મચારી કે બોર્ડ મેમ્બર દ્વારા થતા એક કરોડ કે તેથી વધુના ઈન્સાઈડર ટ્રેડિંગને રોકવા હેતુ આ પગલું લેવામાં આવ્યું છે. અંતર્ગત વ્હિસલ બ્લોવર તથા અન્ય માહિતી આપનાર વ્યક્તિને સંરક્ષણ પ્રદાન કરવા તથા સુવિધા હેતુ રેગ્યુલેશનની શરૂઆત કરવામાં આવી છે.

**171.** **(B)** લિથિયમ સૌથી હલકી ધાતુ છે તથા ઈલેક્ટ્રિક કારને પાવર કરવા માટે જરૂરી લિથિયમ-આયન બેટરીઓ લિથિયમ કાર્બોનેટ અથવા લિથિયમ હાઈડ્રોક્સાઈડનો ઉપયોગ કરે છે.

**172.** **(C)** પિચ્યૂટરી ગ્રંથી એડ્રીનો કાર્ટિઓટ્રોફિક હોર્મોન થાઈરોઈડ સ્ટિમ્યુલેટિંગ હોર્મોન લ્યુટીનાઈઝિંગ હોર્મોન અને ફોલિકલ-સ્ટિમ્યુલેટિંગ હોર્મોન ઉત્પન્ન કરે છે, જે વિવિધ ગ્રંથીઓને પોષણ આપે છે.

**173.** **(A)** તે સમસ્થાનિકો વિશે કહે છે, જેમાં પ્રોટોનની સંખ્યા સમાન હોય છે, પણ ન્યુટ્રોનની સંખ્યા અલગ-અલગ હોય છે.

**174.** **(C)** RBC કદમાં નાના હોય છે, પણ WBC કરતાં મોટા હોય છે, જે કેન્દ્ર ધરાવતાં નથી, જ્યારે WBCને કેન્દ્ર હોય છે.

**175.** **(A)** Vitamin A, D, E, K ચરબીમાં દ્રાવ્ય છે.
Vitamin B & C પાણીમાં દ્રાવ્ય છે.
પ્રોટીનની ઊણપથી ક્વોશિયોકોર અને મરાસ્મસ બીમારી થાય છે.
Vitamin Aની ઊણપથી રતાંધળાપણાની બીમારી થાય છે.

**176.** **(A)** સિલિકોન અને જર્મેનિયમ ગરમ થવાને બદલે ઠંડકની સાથે વિસ્તરે છે. કારણ કે, તેઓ કહેવાતા 'નકારાત્મક થર્મલ વિસ્તરણ'નું પ્રદર્શન કરે છે.

**177.** **(B)** નિયો-પ્રીન એ કૃત્રિમ રબર છે, જે તેના ગુણધર્મોમાં કુદરતી રબર જેવું લાગે છે, તે ક્લોરોપ્રીનના પોલિમરાઈઝેશન દ્વારા મેળવવામાં આવે છે.

**178.** **(B)** $AB^{+Ve}$ સર્વગ્રાહી રક્તજૂથ છે, કારણ કે, AB+Ve વ્યક્તિઓ પાસે તમામ સંભવિત Antigen હોય છે. અને તેથી તેઓ સર્વગ્રાહી છે. કારણ કે તેમની રોગપ્રતિકારકતા દરેક એન્ટીજન્સ માટે હોય છે.

**179.** **(C)** પ્રોજેક્ટ અપોલોના પ્રથમ અવકાશ અભિયાન ક્રૂ નીલ આર્મસ્ટ્રોંગ માઈકલ કોલિન્સ અને બઝ એલ્ડ્રિન હતા. આર્મસ્ટ્રોંગ અને એલ્ડ્રિન ચંદ્રની સપાટી પર ચાલ્યા, જ્યારે કોલિન્સ ચંદ્રની આસપાસ ભ્રમણકક્ષામાં રહ્યા.

**180.** **(A)** ગુરુત્વાકર્ષણ હેઠળ શરીરના મુક્તપતન દરમિયાન શરીરનું દેખીતું વજન શૂન્ય બની જાય છે. કારણ કે, વ્યક્તિ અને વિસ્તાર જેની સાથે તે સંપર્કમાં છે, તે વચ્ચેની પ્રતિક્રિયાનું બળ અદૃશ્ય થઈ જાય છે.

LIBERTY

**181. (A)** સિસ્ટમ ઈન્ટરનેશનલ (SI સિસ્ટમ) તેના રેડિયો-એક્ટિવિટીના એકમ તરીકે બેકવેરલે (Bq) એકમનો ઉપયોગ કરે છે. કારણ કે, સૌપ્રથમ ફ્રાન્સના વૈજ્ઞાનિક હેનરી બેક્વેરેલે જોયું હતું કે, યુરેનિયમ જેવાં પદાર્થો જાતે જ અદ્રશ્ય કિરણો ઉત્પન્ન કરે છે.

**182. (C)** ઈથેનોલ સારો દ્રાવક છે, જે સોડિયમ સાથે પ્રતિક્રિયા કરી હાઈડ્રોજન આપે છે. તે સહેજ લાક્ષણિક ગંધ સાથેનું રંગહીન પ્રવાહી છે.

**183. (B)** જ્યારે વરસાદના પાણીનું pH 5.5 કરતાં ઓછું હોય ત્યારે તેને એસિડ વરસાદ કહેવાય છે, જેનાથી જળચર જીવોનું અસિત્વ મુશ્કેલ બને છે.

**184. (D)** જર્મન સિલ્વર એ તાંબું, જસત અને નિકલનું મિશ્રણ છે, તેમાં સામાન્ય રીતે 60% તાંબું, 20% નિકલ અને 20% જસત છે, પરંતુ તેમાં ચાંદી નથી.

**185. (D)** ટ્રાઈકોલોજી એ માનવ વાળની રચના, કાર્ય અને રોગોનું વિજ્ઞાન છે.

**186. (A)** નવી દિલ્હીમાં ભારત મંડપમાં ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ કાર્યક્રમનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

– આ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની 3જી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને કેન્દ્રીય કૌશલ્યવિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય દ્વારા સંયુક્તરૂપે કરવામાં આવ્યું છે.

**187. (D)** ગુગલ સ્ટ્રીટ વ્યૂ એ શહેરની શેરીઓમાં ફરતા ડેટા કલેક્ટર્સ દ્વારા વાહનો અથવા બેકપેક પર લગાવેલા ખાસ કેમેરાનો ઉપયોગ કરીને કેપ્ચર કરાયેલ જગ્યાનું 360-ડિગ્રી વ્યૂ છે.

– ત્યારબાદ 360-ડિગ્રી વ્યૂ બનાવવા માટે ઈમેજોને એકસાથે ટાંકવામાં આવે છે, જેનો ઉપયોગ વપરાશકર્તાઓ સ્થાનનું વિગત વાર દૃશ્ય મેળવવા માટે કરી શકે છે.

– તે Android અને iOS પર એપ્લિકેશનનો ઉપયોગ કરીને અથવા વેબ વ્યૂઅર તરીકે જોવા માટે ઉપલબ્ધ છે.

**188.** (B) કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે વર્ષ 2017માં બિઝનેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર એક્સપોર્ટર્સ સ્કીમ (TIES) શરૂ કરી હતી.

– તેનો ઉદ્દેશ્ય નિકાસના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓને યોગ્ય માળખાકીય સુવિધા ઊભી કરવામાં મદદ કરવાનો છે.

– ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે કેન્દ્ર સરકારની સહાય ગ્રાન્ટ-ઈન-એઈડના સ્વરૂપમાં હશે.

– ગ્રાન્ટ-ઇન-એઈડ એ એક સરકાર દ્વારા બીજી સરકાર, સંસ્થા, સંસ્થા અથવા વ્યક્તિને કરવામાં આવેલી સહાય, દાન અથવા યોગદાનની પ્રકૃતિની ચુકવણી છે.

– કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારો અને/અથવા પંચાયતી રાજ સંસ્થાઓને અનુદાન આપવામાં આવે છે.

**189.** (C) ભારતીય કેન્દ્રીય બેન્ક દ્વારા દર બે મહિને મોનેટરી પોલિસી કમિટી દ્વારા મોંઘવારી દરને કાબુમાં રાખવા હેતુ તથા અર્થતંત્રના સંતુલન હેતુ મુદ્રિક નીતિનું રીવ્યુ કરવામાં આવે છે આ અંતર્ગત મોંઘવારી દર 4%±2 નિર્ધારિત કરવામાં આવેલ છે.

**190.** (C) સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) દ્વારા જાહેર કરેલ આ સર્વેક્ષણમાં મધ્યપ્રદેશનું ઈન્દોર એ કેટેગરી 1ના શહેરોમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

– દર વર્ષે ૭ સપ્ટેમ્બરના રોજ International Day of Clean All for Blue Skies તરીકે ઊજવવામાં આવતાં સ્વચ્છ હવા માટેના રાષ્ટ્રીય મિશનના એક ભાગ તરીકે આ અહેવાલ જાહેર કરવામાં આવે છે.

**191.** (D) ભારતમાં મેન્યુફેક્ચરીંગ સેક્ટરને ઉદ્દીપકની માફક તે જ કરી રોકાણને આકર્ષવા અને જીડીપીમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો વધારવા હેતુ 2014માં કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલય અંતર્ગત મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી. આ અંતર્ગત મેન્યુફેક્ચરિંગ અને સેવા બંને ક્ષેત્રમાં કુલ 25 ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

– આ યોજના અંતર્ગત દર વર્ષે મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ૧૨થી 14% વૃદ્ધિદર હાંસિલ કરવા અને 100 મિલિયન રોજગારી ઊભી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

**192.** (A) પ્રોજેક્ટ 17A ફ્રિગેટ્સની મહત્ત્વની વિશેષતા એ છે કે, જહાજના પ્રોપેલર્સ, ઓપરેટિંગ મશીનરી જેમ કે ડીઝલ જનરેટર વગેરેમાંથી નીકળતો ઓછો એકોસ્ટિક અવાજ છે.

– આ અન્ય જહાજો પર સોનારની હાજરી શોધવામાં મદદ કરે છે.

– P-17A ની મુખ્ય અદ્યતન સ્ટીલ્થ વિશેષતાઓ રડાર તરંગોના પ્રતિબિંબને ઘટાડે છે તેવા વિશિષ્ટ બંધારણ અને આકારના ઉપયોગ દ્વારા વહાણના નાના રડાર ક્રોસ-સેક્શન સાથે સંબંધિત છે.

– પ્રોજેક્ટ 17A હેઠળ વહાણો:

INS નીલગિરિ

INS હિમગિરિ

INS ઉદયગિરિ

INS દુનાગિરિ

– P-17A જહાજોનાં મુખ્ય શસ્ત્રો અને સેન્સર સ્યૂટમાં બ્રહ્મોસ SSM, LRSAM સાથે MF સ્ટાર રડાર (ફોરવર્ડ અને આફ્ટર કન્ફિગરેશન), સ્વદેશી સોનાર અને ટ્રિપલ ટ્યૂબ હેવી ટોર્પિડો લોન્ચરનો સમાવેશ થાય છે.

**193.** (D) રાષ્ટ્રપતિ મુર્મુએ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્જિનિયર્સ (GRSE) લિમિટેડ ખાતે પ્રોજેક્ટ 17Aનું છઠ્ઠું જહાજ ઈન્ડિયન નેવલ શિપ (INS) વિંધ્યાગીરી (Y-3024) લોન્ચ કર્યું હતું.

– MDL (મઝગ ડોક શિપબિલ્ડર્સ) દ્વારા નિર્મિત પ્રોજેક્ટ 17Aના 7ના સ્ટીલ્થ ફ્રિગેટ મહેન્દ્રગિરિને મુંબઈમાં લોન્ચ કરવામાં આવ્યું.

– INS વિંધ્યાગીરી વિશે

– આ જહાજનું નામ કર્ણાટકમાં આવેલી વિંધ્યાગિરિ પર્વતમાળા પરથી રાખવામાં આવ્યું છે.

– INS વિંધ્યાગિરીએ લિએન્ડર ક્લાસ એન્ટી-સબમરીન વોરફેર(ASW) ફ્રિગેટ જહાજનું નવું સંસ્કરણ છે.

**194.** (B) તાજેતરમાં ગુજરાતના સંદર્ભમાં ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021 બહાર પાડવામાં આવ્યો.

– આ રિપોર્ટ મુજબ રાજ્યના 17 જિલ્લામાં ફોરેસ્ટ કવર ઘટ્યું છે. પરંતુ એકંદરે રાજ્યમાં 2019ની સરખામણીમાં ફોરેસ્ટર કવરમાં 69 ચો.કિમીનો વધારો થયો છે.

– ટ્રી કવરમાં બે વર્ષમાં 1423 ચો.કિમીનો ઘટાડો થયો છે, રાજ્યના ભૌગોલિક વિસ્તારના 2.80% ટ્રી કવર છે.

● ગુજરાતમાં સૌથી વધુ ફોરેસ્ટ ધરાવતાં જિલ્લા :

(1) ડાંગ (77%) (2) વલસાડ (33%) (3) નર્મદા (32%)

(4) તાપી (25%) (5) જૂનાગઢ (20%)

**195.** (D) ભારતમાં નાણામંત્રાલય અંતર્ગત કુલ પાંચ વિભાગોનો સમાવેશ થાય છે. મહેસૂલ વિભાગ આવક સંબંધિત મામલાઓને સંભાળે છે.

– ખર્ચ વિભાગ તેના નામને અનુરૂપ ખર્ચ સંબંધિત મામલાઓ સંભાળે છે. DIPAM ભારતમાં વિનિવેશ સંબંધી કામગીરી સંભાળે છે. આર્થિક બાબતોનો વિભાગ બજેટ અને આર્થિક સર્વેક્ષણ સંબંધિત કામગીરી સંભાળે છે.

**196.** (B) તામિલનાડુના ચેન્નાઈમાં મેયર રાધાકૃષ્ણન સ્ટેડિયમ ખાતે આ સ્પર્ધાનું 7માં સંસ્કરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

– ભારતની મેન્સ હોકી ટીમે મલેશિયા (4-3)ની ટીમને હરાવીને વિજેતા થયું છે.

– ભારતે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી વર્ષ 2011, 2016, 2018, 2023 એમ કુલ 4 વખત જીતી છે.

– આ ટ્રોફીનું માસ્કોટ હાથીનું નામ 'બોમમેન' રાખવામાં આવ્યું હતું. આ નામ ઓસ્કાર વિજેતા ફિલ્મ 'ધ એલિફન્ટ વ્હીસ્પર્સ'ના મહાવતના નામથી પ્રેરણા લઈ રાખવામાં આવ્યું હતું.

**197.** (B) હાલમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR) તરફથી ક્રિતસ હેકેથોન 2.0 સ્પર્ધાનું રાષ્ટ્રીય સ્તરે આયોજન થયું. જેમાં દેશભરમાંથી 1974 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

– આ હેકેથોનમાં અમરેલીના વૈજ્ઞાનિકો દ્વારા અનુસંધાન કરાયેલ નેનો ટેક્નોલોજી આધારિત 'ડીપસ્ટીક' સંશોધનને સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો હતો.

– આ ટેક્નોલોજી ગણતરીની સેકન્ડોમાં દૂધની અંદરની 8 પ્રકારની ભેળસેળને પકડી પાડવા સક્ષમ છે.

**198.** (B) ભારતમાં દર વર્ષે ડિપાર્ટમેન્ટઓફ ઈકોનોમિક અફેર્સ (નાણાં મંત્રાલય) દ્વારા આર્થિ સર્વેક્ષણ રજૂ કરવામાં આવે છે. આ વર્ષે આર્થિક સર્વેક્ષણ મુજબ રશિયા-યુક્રેન યુદ્ધ, ગ્લોબલ સપ્લાય ચેનમાં વિક્ષેપ જેવી સમસ્યાઓ છતાં ભારત વર્ષ 2022-23માં 7.2% વૃદ્ધિદરથી વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની છે.

**199.** (C) વર્લ્ડ સંસ્કૃત દિવસને આંતરરાષ્ટ્રીય સંસ્કૃત દિવસ અને વિશ્વ સંસ્કૃત દિનમ્ તરીકે પણ ઓળખવામાં આવે છે.

– શક સંવત મુજબ ચંદ્રની ગતિને ધ્યાનમાં રાખીને શ્રાવણની પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનના દિવસે ઊજવવામાં આવે છે.

– સંસ્કૃત વિશ્વની સૌથી જૂની ભાષાઓમાંથી એક છે અને આ ભાષાને તમામ ઈન્ડોઆર્યન ભાષાઓની જનની ગણવામાં આવે છે.

– પ્રથમ વર્લ્ડ સંસ્કૃત દિવસ વર્ષ 1969માં ઊજવવામાં આવ્યો છે.

**200.** (C) ગુજરાતના કચ્છ જિલ્લાના કેટલાંક ગામોમાં કન્યાઓ માટેની ભારતની સૌપ્રથમ પંચાયત શરૂ થઈ છે.

– આનો ઉદ્દેશ્ય કન્યાઓના સામાજિક, રાજકીય વિકાસને પ્રોત્સાહન આપવાનો તથા દીકરીઓ રાજકારણમાં સક્રિયપણે ભાગ લે તેની ખાતરી કરવાનો છે.

– તાજેતરમાં બાલિકા પંચાયતની સૌપ્રથમ ચૂંટણી કુનેરિયા ગામ (કચ્છ)માં યોજવામાં આવી, જેમાં ઉર્મિ આહીરને કચ્છમાં શરૂ કરવામાં આવેલી બાલિકા પંચાયતની સરપંચ જાહેર કરવામાં આવી.

– બાલિકા પંચાયતના સભ્યોની નિમણૂક ગ્રામપંચાયતની જેમ કરવામાં આવશે, જેમાં 6 વોર્ડમાંથી પ્રતિસ્પર્ધીઓ (10થી 21 વર્ષની કિશોરીઓ)ને ચૂંટી કાઢવામાં આવશે.

LIBERTY

## મોકટેસ્ટ આપવા માટે નીચેના નજીકના સેન્ટરનો સંપર્ક કરો

### AHMEDABAD
Liberty House, Opp. Sales India, Incometax, Ahmedabad.
**81283 81283, 98989 56777**

### BAPUNAGAR
127, First Floor, Pushkar Business Park, Nr. D-Mart, Bapunagar.
**9727 566 566**

### MANINAGAR
2nd Floor, Elegance Arcade, Nr. Maninagar Railway Station.
**97277 52018**

### PALDI
1st Flr, 101-Scarlet Business Hub, Opp. Ankur School, Mahalakshmi Five Rd.
**97277 52016**

### NARANPURA
128-EKTA Festival, 132 Ring Road, Opp. BRTS Bus Stand, Shastrinagar.
**97277 04299**

### VASTRAL
4th Floor, 405-Avadh Pride, Nirant Cross Road, Opp. Metro Pillar.
**97277 52274**

### NIKOL
4th Floor, 401-Millennium Plaza, Anmol Circle Road, Opp. Dipak School.
**97129 00149**

### GANDHINAGAR
3rd Floor, UMA Bhavan, Opp. Pathika Ashram, Sector-12.
**97277 52015**

### MEHSANA
9-10, Sahakar Chambers, Opp. Panchratna Bus Stand, Modhera Cross Rd.
**97277 52013**

### VADODARA
31, 3rd Floor, Alankar Tower, Opp. M S University, Sayajigunj.
**98984 00837**

### BHAVNAGAR
2nd Floor, Opp. New Solanki Restaurant, Talaja Road.
**97277 52650**

### BHARUCH
3rd Floor, Aditya Complex, Opp. Old Age Home, Kasak Circle.
**97277 52699**

### GODHRA
2nd Floor, Bariya House, Above Bank of Baroda Bank, Bus Stand Road.
**98251 46136**

### VALSAD
4th Floor, Trade Center, Station Road, Valsad.
**97277 52323**

### SURAT
1st Floor, Gandhi Palace, Timaliyawad, Nanpura, Surat.
**97277 52014**